## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

### રીવાઇઝડ વિકાસ પરવાનગી

શ્રી પવન એડિફાઇસ પ્રા.લી. નામની કંપની તર્ફે ડાયરેકટરશ્રી ચેતન હસમુખભાઇ પટેલ મોજે કલાલી, તા.જી.વડોદરાના રે.સ.નં.૪૮૩+૪૮૪, બ્લોક નં.૪૦૮/અ + ૪૦૮/બ નુ ક્ષેત્રફળ ૯૮૨૦.૦૦ + ૩૩૮૦.૦૦ = ૧૩૨૦૦.૦૦ ચો.મી.માં બાંધકામ ક્ષેત્રફળ ગ્રાઉન્ડ ફ્લોર(પાર્કિંગ) ૦.૦૦ ચો.મી., પ્રથમ માળ થી અગિયારમો માળ ૧૯૯૪૦.૫૩ ચો.મી., મળી કુલં બાંધકામ ક્ષેત્રફળ ૧૯૯૪૦.૫૩ ચો.મી. માં હાઇરાઇઝ એપાર્ટમેન્ટના કુલ-૩ ટાવરોમાં રહેણાંકના કુલ-૧૩૨ ફ્લેટસ તથા કોમન પ્લોટમાં કલબ હાઉસના બાંધકામ માટે નીચેની ખાસ શરતોને અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬(સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭) ની કલમ-૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧ (૧), ૨૯/૧(૨) હેઠળ આથી રીવાઇઝડ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

ખાસ શરતો :-

(૧) સ્થળે બાંધકામ શરૂ કરતા પહેલા ૭ (સાત) દિવસ અગાઉ સોઇલ ટેસ્ટ રીપોર્ટ, ફોર્મ નં.૨(ડી) તથા સ્ટ્રકચરલ ડીટેલ ડ્રોઇંગ રજુ કરવાના રહેશે.

(૨) કોમન પ્લોટની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વહેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ ક્રમાંક : વનમ-૧૦૦૮-૩૨૬૦-લ. તા.૧૦/૩/૨૦૧૦ ની જોગવાઇ મુજબ કુલ-૮૩ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

(૪) ચીફ ઓફીસરશ્રી (ફાયર), ફાયર બ્રિગેડ, વડોદરા મહાનગર સેવાસદન, વડોદરા નું "ના-વાંધા પ્રમાણપત્ર" નં.અ.તા.સે.જા.નં.૩૩૧૬/૧૨-૧૩, તા.૨૦/૩/૨૦૧૩ થી અગાઉ આપેલ વિકાસ પરવાનગી માટે મેળવેલ છે. જેની શરતોનુ પાલન કરવાનુ રહેશે. (નકલ સામેલ છે.)

(૫) એરપોર્ટ NOC આવે ત્યાં સુધી ફકત લોરાઇઝ બિલ્ડીંગની ઉંચાઇ સુધીનુ જ બાંધકામ કરવાનુ રહેશે.

(૬) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ, તા.૨૭/૭/૨૦૧૦ ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે.

(૫) જી.ડી.સી.આર-૨૦૦૬ ની કલોઝ નં. ૩.૬ ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૩/પરવાનગી/ ૪૦૯ /૨૦૧૩
શહેરી વિકાસ સત્તામંડળ,
કારેલીબાગ, વડોદરા – ૧૮.
તા. ૧૭ /૦૭/૨૦૧૩

નકલ રવાના પ્રતિ :-

કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.